| Newspaper | Page No. | Date |
| --- | --- | --- |
| Lokwat | 02 | 12-08-2014 |

# એસ્સાર ફાઉન્ડેશનની સામાજીક પ્રવૃતિઓએ વાડીનાર પંથકમાં સેવાની સુવાસ પ્રસરાવી

જામનગર તા.૧૨

એસ્સાર ફાઉન્ડેશને રિફાઇનરી તથા વિજ મથકની આજુબાજુમાં આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં સામાજીક પ્રવૃતિઓને વેગ આપીને વાડીનાર પંથકમાં સેવાની સંવાસ પ્રસરાવી છે. જેને કારણે ગ્રામજનોમાં આનંદની લાગણી ફેલાઇ છે. આરોગ્ય કુપોષણ નિવારણ, શૈક્ષણિક યોજના, ગૌશાળા ખેતીમાં સુવિધા વગેરે જેવી પ્રાથમિક સેવાઓથી ગામમાં વિકાસનો સંચાર થયો છે.

ઔદ્યોગિક સામાજીક જવાબદારીની વહનની બાબતમાં એસ્સાર જૂથ હંમેશા કર્તવ્યશીલ રહ્યું છે. વાડીનારમાં આવેલી એસ્સાર રિફાઇનરીની આજુબાજુમાં આવેલ ગ્રામ્ય વિસ્તારોમાં કંપની દ્વારા મહત્વના ગણી શકાય તેવા સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યા છે. આરોગ્યની સુવિધા વિશેષ સ્વરૂપે મળી રહે તે માટે જાખર ગામમાં કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ચલાવવામાં આવે છે. જેનો લાભ જાખર, સિંગચ, વાડીનાર, ભરાણા અને મોઢાઇને મળે છે. જ્યારે કોમ્યુનિટી સબ સેન્ટર કજુરડા ગામમાં ચલાવવામાં આવે છે. જેનો લાભ કજુરડાની સાથે ટીંબડી, વિજયનગર, નાના માંઢા અને મોટા માંઢાના ગ્રામજનોને મળે છે. વાડીનારમાં માતા અને બાળ આરોગ્ય કેન્દ્ર ખોલીને એક વિશેષ સેવા આપવામાં આવે છે. ઇમરજન્સી સર્વિસ માટે એમ્બ્યુલન્સ સુવિધા ચલાવાય છે. જેનો લાભ ૫૨૭૨૪ લોકોએ વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન લીધો હતો.




એસ્સારે શિશુ મંગલ પ્રોજેક્ટ અંતર્ગત રાજય સરકારની સાથે રહી કુપોષણ નિવારણ માટે મહત્વના પગલાં ગ્રામ્ય વિસ્તારો માટે ઉઠાવ્યા છે. જેમાં ખંભાળીયા તાલુકામાં રહેલા ૪૫૦૦ કુપોષિત બાળકો માટે અભિયાન ચલાવી કુપોષણનાં પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો લાવવામાં અનેરો સહયોગ પૂરો પાડયો છે.

શિક્ષણના સ્તરને ઉંચુ લાવવા માટે શૈક્ષણિક યોજનાઓ હાથ ધરવામાં આવી છે જેમાં પાયારૂપી આંગણવાડીને મોડેલ બનવાવા માટે ગામોમાં એસ્સાર નંદઘર ઉભા કરવામાં આવ્યા છે. આ નંદઘરમાં બાળકોનાં સર્વાંગી વિકાસની બાબતમાં ભાર મુકી આધુનિક સુવિધા આપવામા આવી છે. આવા ૩૫ આંગણવાડી કેન્દ્રો ચાલે છે. ઇન્દ્રધનૂષ જેવા શૈક્ષણિક તહેવારને ઉજવીને રિફાઇનરી આસપાસના ૨૧ ગામોના ૪૫૦૦ વિદ્યાર્થીઓને રમતાં રમતાં કઇ રીતે ભણી શકાય તેના પાઠ શીખડાવવામાં આવ્યા હતા. તો શાળા પ્રવેશોત્સવ નિમિતે લાલપુર તથા ખંભાળીયા તાલુકાના ૪૦ ગામોની શાળાના ૨૧૦૦ બાળકોને સ્કુલ કીટનું વિતરણ કરવામાં આવેલું.

અંગ્રેજી ભાષાનું જ્ઞાન મળી રહે એ માટે એસ્સાર ફાઉન્ડેશને આઇ.બી.એમ. ગ્લોબલ સાથે હાથ મિલાવીને એક મહિના સુધી વિવિધ ગામોમાં જઇ ખાસ ટીમ મારફતે ૩ હજારથી વધુ બાળકો અને ૧૫૦ થી વધુ શિક્ષકોને ભાષાનું જ્ઞાન આપ્યું હતું. કેટલીક વિકલાંગતા ધરાવતા બાળકોને એસ્સાર કઇ રીતે ભૂલી શકે ? આવા બાળકોને યાદ રાખી તેઓ માટે જામનગર તથા અમદાવાદ એમ બે સ્થળોએ ઉન્મુકત કાર્યક્રમ હેઠળ અંધ બાળકોને ખાસ તકનીકીના માધ્યમથી તૈયાર કરાયેલી તારે જમી પર ઉફલ્મનો આસ્વાદ લેવડાવાયો હતો.

ગ્રામ્ય વિસ્તારોમાં પશુ તથા ખેતીનું મહત્વ ઘણું હોય છે. જે બાબતને વિશેષ પ્રાધાન્ય આપી એસ્સાર ફાઉન્ડેશને પશુ-ખેતી વિષયક નક્કર પગલાંઓ ઉઠાવી રહ્યું છે. પશુધનને વધુ સુવિધા મળે એ માટે ગૌશાળાએ નવનિર્મિત કરવામાં આવી છે. જેનો લાભ મીઠોઇ, દેવળીયા, તરઘડી જેવા ગામોને મળ્યો છે. પશુધનને રોગથી રક્ષિત કરવા માટે અલગ અલગ સ્થળોએ કેમ્પ કરી ૧૦ હજારથી વધુ પશુધનને વેક્સિન આપી સારવાર કરાઇ હતી. સમગ્ર વર્ષ દરમ્યાન એસ્સાર દ્વારા નિરંતર ઘાસચારો પૂરો પાડવામાં આવે છે. આ યોજનાનો લાભ ૧૩ ગામોની ગૌશાળાને મળે છે, જેના થકી ૨૪૫૩ પશુધનને ગુણવતાવાળુ ઘાસ મળી રહે છે.

ખેતીને સમૃદ્ધ બનાવવા માટે ઉચ્ચ ગુણવતાવાળુ ખાતર પૂરૂં પાડવામાં આવે છે. જેનો ૨૦૦ થી વધુ સ્થાનિક ખેડૂતોને લાભ મળે છે. મોટા માંઢા સહિતના ગામડાઓમાંના ખેતરમાં ડ્રીપ ઇરિગેશન સિસ્ટમથી પાકને પાણી પૂરૂં પાડવા માટે સહયોગ આપવામાં આવી રહ્યો છે. વોટર રિસોર્સીઝ માટે રેકલુમેશન ડેમ ઉભા કરવામાં આવ્યા છે. જરૂરિયાતના સમયે તેમજ પાણીમાં ટી.ડી.એસ.નું ઉચ્ચ પ્રમાણ ધરાવતા ગામડાઓમાં પીવાનું પાણી પૂરૂં પાડવા માટે ટેંકરો ચલાવાય છે. આ સેવાનો લાભ ૧૩ ગામોને મળે છે. આ ઉપરાંત કંપની જાંખર, કજુરડા, અને દેવરિયાના પાટિયા પાસે બસ સ્ટેન્ડ બાંધી આપ્યા છે. જેનાથી ગ્રામીણ જનતાની સુવિધામાં વધારો થયો છે.

એસ્સાર ફાઉન્ડેશન દ્વારા રિફાઇનરીના આજુબાજુના ગામોમાં હાથ ધરવામાં આવેલી સામાજીક પ્રવૃતિઓથી વાડીનાર પંથકના ગ્રામ્ય વિસ્તારની જનતામાં હર્ષની લાગણી ફેલાઇ છે.